સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

દોસ્તની દોસ્તી ભૂલી, દુશ્મની જતાવવી પડશે!
કોઈ પણ ભોગે મક્કમતા બતાવવી પડશે!
પ્રગટાવી પડશે હોળી ચીની માલસામાનની -
ગાંધીજી જેવી ચળવળ ચલાવવી પડશે !
(ચીન વિરુદ્ધ - કોરોના જેવી જાગૃતિ કેળવો)

હાઈકુ

હવે કદીય -
કરાય ના વિશ્વાસ -
જો, જાગ્યા ત્યાંથી...

કહેશે જગ -
બીજીવારની ભૂલે -
બુદ્ધિના બેલ!

ચિંતન

સરલ વર્ણ ભાષા સરલ, સરસ અર્થમય બાની ।
તુલસી સરલના સંતજન, તાહિ પરિ પહિચાની ॥

ઉપરોક્ત સાખી તુલસીદાસજી એ રચેલા વૈરાગ્ય સંદીપનિમાંથી લેવામાં આવેલ છે.

સંત સ્વભાવ ધરાવતા સજ્જન લોકો તદ્દન સાદા-સરળ શબ્દો પ્રયોજી પોતાની વાત રજૂ કરતા હોય છે. એમની અભિવ્યક્તિ સરળ હોય છે છતાં અર્થમયી હોય છે.

તુલસીદાસજી કહે છે. 'સરળતા' શબ્દ જ સંતજીવન સાથે વણાયેલો હોય છે. એમની જીવન જીવવાની રીત એવી સરળ અને નિયમિત હોય છે. એમના માટે સૌ કોઈ ખાતરીપૂર્વક સજ્જનતાનો અભિપ્રાય આપી શકે.

આવા સંત સ્વભાવના સજ્જનને કોઈની ફૂથલી કરવી કે સાંભળવી કે એના સાક્ષી રહેવું પણ ગમતું નથી. કોઈનું ખોટું જોવું - સાંભળવું - બોલવું એમનો સ્વભાવ હોતો નથી.

સુવિચાર

- ડિગ્રીયાં તો તાલિમ કે ખર્ચો કી રસીદેં હૈ... ઈલ્મ વહીં હૈ જો કિરદાર મેં ઝલકતા હૈ...!! - **દુર્ગાદાસજી**
- આચરણ અને વાણીવર્તનથી માણસ ઓળખાય છે, કટુવાણી અને કુવર્તન થકી માણસો વગોવાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આંતર શત્રુઓ જેણે હણ્યા છે એવા અરિંહત ને નમસ્કાર કરું છું, આંતરશત્રુઓ એટલે ક્રોધ-માન-માયા-લોભ - **ડો. નીરુબેન અમીન**
- નિરંતર નિમિત્ત, નૈમિત્તિકભાવ રહે તો જ નિર્દોષ રહે - **આમસૂત્ર**
- ધર્મગ્રંથોના મુખપૃષ્ઠ ભલે અલગ-અલગ રંગ અને ભાતનાં હોય, ધર્મનો ધ્વજ ભલે જુદાં રંગનો હોય, પણ ધર્મનો સંદેશ તો શાંતિ અને માનવતાનો જ હોવો જોઈએ - **હિતેન આનંદપરા**
- બાળકને જયારે સમજાય કે દરેક વખતે પોતે ખરો ન પણ હોય, ખોટા પડવાનો પણ મને અધિકાર છે. ત્યારે તે પુખ્ત થયું છે એમ સમજવું - **સંત રોબિન**
- આજનું ઔષધ : અડધો ગ્લાસ શેરડીના રસને ગરમ કરી એમાં એક લીંબુ નીચોવી સિંઘાલૂણ ઉમેરી સવાર-સાંજ પીવાથી આફરો દૂર થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક ગરીબને સમસ્યાઓ હતી. આવક ઓછી અને બીમારી દવાઓ બાળકોને ભણાવવાનો ખર્ચા. ભાર વધતો ગયો. સહન ન થયું એટલે સંત પાસે ગયો અને કહ્યું, 'રોજ રોજ એક નવી સમસ્યા સાથે પનારો પડે છે. કંઈક ઉકેલ બતાવો.'સંતે કહ્યું, આપણે નદીને કિનારે ચાલવા જઈએ. અને નદી પાર ચાલીને કરીશું પછી પેલે પાર જઈને હું તારી સમસ્યાઓનો ઉકેલ બતાવીશ.' સંત વહેતી નદીના કિનારે ઊભા રહી ગયા અને નદી પાર કરવા માટે કોઈ તજવીજ કરી નહીં. પંદર વીસ મિનિટ પસાર થઈ ગયા પછી પેલો અકળાઈ ગયો અને બોલ્યો, 'મહારાજ, આપણે તો નદી પાર કરવાની છે અને આપણે તો હજી આ કિનારે જ ઊભા છીએ.' સંતે કહ્યું, 'અરે ભાઈ, આ નદીનું પાણી સુકાઈ જાય એની રાહ જોઉં છું. પાણી સુકાઈ જાય એટલે આરામથી નદી પાર કરીને તારી સમસ્યાનો ઉકેલ બતાવું છું. પેલો કહે, 'એમ થોડું નદીનું પાણી સુકાઈ જશે? એ તો સતત વહ્યા જ કરશે.' સંતે કહ્યું, 'મારે તને એ જ સમજાવવું છે. નદીનાં વહેતાં પાણીની જેમ જ સંસારમાં સમસ્યાઓ આવે ને જાય. નદી ઓળંગવા એમાં ડૂબકી લગાવવી પડે એમ દરેક સમસ્યાનો સામનો કરી એનો ઉકેલ લાવવો પડે.' જીવનમાં એમ વિચારીને બેસી રહેવાને બદલે એના ઉકેલ માટે મહેનત કરીને જીવનને બહેતર બનાવો, સહન શક્તિ વધારો તો જ આગળ વધી શકો.'

ભારત અમેરિકા મૈત્રીનો સુવર્ણયુગ

તંત્રીસ્થાનેથી...

વિશ્વની સૌથી શ્રેષ્ઠ લોકશાહી અને સૌથી મોટી લોકશાહી વચ્ચેનો મૈત્રી સંબંધ મોદીયુગમાં પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. પંડિત જવાહરલાલ નહેરુ વિશ્વનેતાઓમાં અત્યંત આદરણીય સ્થાન ધરાવતા હતા. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ કેનેડી સાથેના એમના ઘનિષ્ઠ સંબંધોને કારણે ૧૯૬૨ના ચીની આક્રમણને ખાળી શકાયું હતું. ભારત લોકશાહી રાષ્ટ્ર તરીકે સમાજવાદી અભિગમ ધરાવતું હોવાથી રશિયા સાથે એનો ઘનિષ્ઠ સંબંધ બંધાયો હતો. રશિયા અને અમેરિકા વચ્ચે સત્તાની સાઠમારી ચાલતી હોઈ ભારત સાથે અમેરિકા જરા ઉદાસીન અભિગમ દર્શાવવા લાગેલું. અમેરિકાએ દક્ષિણ એશિયામાં એનું વર્ચસ્વ જળવાઈ રહે અને સવિશેષ ખાડીના દેશો તથા મધ્ય પૂર્વમાં દબદબો જાળવવા માટે એને સવિશેષ કહ્યાગરા મિત્ર દેશની જરૂર હતી. ભારત તટસ્થ રાષ્ટ્ર તરીકેની પ્રતિષ્ઠાને આંચ ન આવે એ રીતે સલામત અંતર રાખી અમેરિકા અને રશિયા સાથે મીઠા સંબંધો જાળવવા કોશિશ કરતું રહ્યું. જયારે પાડોશી પાકિસ્તાને અમેરિકાના ખોળામાં બેસી જવામાં શ્રેય માન્યું. પરિણામે અમેરિકા એક તબક્કે ભારત કરતાં પાકિસ્તાનને વિશેષ પોતીકું ગણતું થઈ ગયું હતું અને એના આ અભિગમનો લઈ શકાય એટલો વધુમાં વધુ ગેરલાભ પાક શાસકો લેતા રહ્યા હતા. ભારત પર પાક પ્રેરિત આતંકવાદના મુદ્દે પણ અમેરિકા આંખ આડા કાન કરતું રહ્યું હતું. પરંતુ છેલ્લે બે મહત્ત્વની ઘટનાઓ બની. પૂર્વ વડાપ્રધાન પીવી નરસિંહરાવે ભારતને વિશ્વ બજારમાં ખુલ્લું મૂકતાં અમેરિકાને આ ઉદારમતવાદી અભિગમ અનુકૂળ લાગ્યો. બીજી ઘટના તે અમેરિકાના ટ્વિન ટાવર્સ પર ઓસામા બિન લાદેનના આતંકવાદી સંગઠન દ્વારા ભયંકર હુમલો. અમેરિકા આખેઆખું હચમચી ગયું અને ઈસ્લામિક આતંકવાદનું પારણું પાકિસ્તાન છે, તે સમજતાં એને વાર ન લાગી. ભારત વિરુદ્ધ કાશ્મીર સરહદે નિરંતર પ્રોકસીવૉર ચલાવવા પાકિસ્તાન સાથેના અમેરિકાના સંબંધોમાં નિર્ણાયક પરિવર્તન આવ્યું. તાલેબાન સાથેની અમેરિકાની લાંબા સમય સુધી ચાલેલી લડાઈણાં મધ્યપૂર્વના દેશોમાં ઈઝરાયેલ - આરબો વચ્ચે સત્તાની સમતુલા જાળવવાના એના પ્રયાસોમાં પણ ગુણાત્મક પરિવર્તન આવ્યું. ડૉ. મનમોહનસિંહ પંડિત નહેરુ કરતાં પણ અમેરિકન સત્તાધીશોને વધુ પારદર્શક રાષ્ટ્રીય નેતા લાગ્યા. ઓબામા અમેરિકાના અર્થકારણમાં પણ એમને ગુરુપદે સ્થાપીને ચાલ્યા. પરંતુ એ પછી જમણેરી પરિબળો સત્તા પર આવતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેનો અગાઉનો પ્રતિબંધ અને પૂર્વગ્રહ ઓગાળી નાખી બરાક ઓબામાની ડેમોક્રેટ સરકાર મોદી માટે લાલ જાજમ પાથરવા મજબૂર બની ગઈ હતી. ભારત જેવું મોટું બજાર અને ઊભરતી આર્થિક મહાસત્તા ચીન સામે એક સક્ષમ મિત્ર દેશ તરીકેની એની ક્ષમતા જોઈ અમેરિકા ભારતને વધુમાં વધુ અનુકૂળ વલણ અપનાવતું રહ્યું. ડોલાન્ડ ટ્રમ્પ રિપબ્લિક પાર્ટીના રાષ્ટ્રપતિ છે, પરંતુ ઓબામાને 'બરાક માય ફ્રેન્ડ' કહી નામજોગ બોલાવનારા મોદીની અપ્રતિમ લોકપ્રિયતાથી એ અંજાઈ ગયા છે. અમેરિકામાં 'હાઉડી મોદી' અને એના પગલે અમદાવાદના આંગમે 'નમસ્તે ટ્રમ્પ' જેવી ઈવેન્ટ્સનું આયોજન થયું તે આખરે તો ભારત-અમેરિકાની દોસ્તીની ઘનિષ્ઠતા જ સૂચવે છે. ડોનાલ્ડ ટ્રમ્પને કોરોના સંકટન વખતે તાબડતોબ પ્રતિબંધ હટાવી હાઈડ્રોક્સીક્લોરાક્વીનનો જંગી જથ્થો મોકલી આપી મોદી ટ્રમ્પની ગુડબુકમાં કેન્દ્ર સ્થાને રહ્યા જયારે ચીની સર્વોચ્ચ નેતા શી જિન પિંગને ટ્રમ્પ જાની દુશ્મન ગણતા થઈ ગયા છે. કોરોના સંકટનું મૂળ એમને ચીની ષડ્યંત્રમાં જ વરતાતું રહ્યું છે. અમેરિકાના ૨૪૪માં સ્વાતંત્ર્ય દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર પ્રમુખને અભિનંદન પાઠવતા ટ્રમ્પે જે ઉમળકો દાખવ્યો છે તે સૂચક છે. ચીનની આડોડાઈ સામે ભારત દમ ભરી શકે છે અને પાકિસ્તાનને સાવ જ દેવાળિયા દેશની સ્થિતિમાં મૂકાઈ જવું પડ્યું - એ બેઉ મુદ્દે મોદીની વિદેશનીતિને દાદ જ આપવી રહી. વિશ્વની સર્વોચ્ચ મહાસત્તા અત્યારે ભારતની સાથે કયારેય નહોતી એટલી નજીક છે, એમાં ભાગ્યે જ કોઈ શંકાને સ્થાન હોઈ શકે.

કોરોનામા ભારતીય ન્યાય વ્યવસ્થા ધરાશાયી થવાના આરે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતની તમામ અદાલતોમાં ઓછામાં ઓછા સાડા ત્રણ કરોડ કેસો ચુકાદા માટે પેન્ડીંગ છે. આવી પરિસ્થિતિમાં ત્રણ મહિનાથી લોકડાઉનમાં ભારતની લગભગ તમામ કોર્ટોબંધ હાલતમાં છે. ભારતમાં માત્ર એક ટકા લોકો ન્યાયાલયને શરણે જાય છે. તેવામાં આવી પરિસ્થિતિ છે જો ભોગ બનનાર તમામ લોકો કોર્ટનું શરણ લે તો આ સ્થિતિ કયાં પહોંચે? ભારતના ૭૭ ટકા લોકોને કોર્ટમાં કે ભારતની ન્યાય પ્રણાલીમાં વિશ્વાસ નથી. ધન, ધીરજ અને ધક્ક ખાવા માટે આમ નાગરિક હવે તૈયાર નથી. યેનકેન રીતે કોર્ટ બહાર સમાધાનથી પ્રશ્નોનો નિવેડો લાવે છે. આ સ્થિતિમાં ભારતના વકિલ આલમ કેવી રીતે પોતાનું ગુજરાન ચરલાવે તે પક્ષ પ્રશ્ન છે. માત્ર ઓનલાઈન બેઈલનું કામકાજ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં ચાલે છે તેના ઉપર જીવતા લોકો કેટલા? સીવીલ દાવાઓ, પીટીશનનોની સુનવણી હાલના તબક્કે બંધ છે ત્યાં અરજન્ટ મનાઈ હુકમની તો વાત જ કયા કરવી.

અમેરીકાની જન સંખ્યા ૩૦ કરોડ ઉપર છે. જેમાંથી ૯ કરોડ કેસો છે. આપણે ત્યાં સામાન્ય નાગરિક અદાલતમાં કે પોલીસ સ્ટેશને જતા ડરે છે, ભયભીત થાય છે. ભારતની કોર્ટોમાં સજાનો દર માત્ર ૧ ટકા જેટલો છે. આમા આમ જનતાને ન્યાયતંત્ર ઉપર કેમનો ભરોસો બેસે, પુરાવાના અભાવે પોલીસ તપાસની તૂટીના કારણે કેટલાય આરોપીઓ ટેકનિકલ લાભ લઈ નિર્દોષ છુટી જાય છે. એક એક ફોજદારી કેસોમાં ૧૦ વર્ષથી ઉપરનો સમય અદાલતમાં લાગે છે કેટલાક ફરીયાદી અને આરોપીઓનું ચાલુ કેસમાં મોત નિપજતા કેસો બંધ કરવામાં આવે છે.

- ઓનલાઈન કોર્ટ શરૂ કરવાના નિર્ણય સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે, કોર્ટમાં વકિલો માટે કોઈ વ્યવસ્થા ગોઠવવામા આવી નથી, ઉંમરલાયક વકિલોને સ્માર્ટ ફોન વાપરતા પણ નથી ફાવતો ત્યાં ઓનલાઈન કામકાજ કેવી રીતે કરશે?
- બાર કાઉન્સીલે ડિસેમ્બર સુધી વકિલોને અન્ય રોજગારી અપનાવવા માટે છુટ આપી છે પરંતુ આ ઉંમરે કયા ક્ષેત્રમાં વકિલ રોજગારી મેળવે તેની કોઈ નક્કર બ્યુપ્રિન્ટ બાર કાઉન્સીલ પાસે નથી.

સુપ્રિમ કોર્ટના નવા ન્યાયાધિશની નિમણુંક થતા દેશની જનતાની મીટ તેમના તરફ મંડાઈ છે કે હવે કંઈક નક્કર પગલા લેવાશે પરંતુ માત્ર વધતા કેસો અને પેન્ડીંગ મુકદમાની ચીંતા કરતા જ સંદેશાઓ આપે છે, નક્કર પગલા ભરતા નથી. આઝાદીના ૭૨ વર્ષમાં ન્યાયતંત્રમાં કોઈ જ સુધારો થયો નથી.

૧ જુલાઈથી ઓનલાઈન કોર્ટ ચાલુ કરવામાં આવશે તેની જાહેરાત માત્રથી સંતોષા માનવામાં આવ્યો છે. કોર્ટમાં કે વકિલો માટે ઓનલાઈન પ્રોસીડીંગની નીચલી અદાલતોમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી નથી કેવી રીતે માળખુ તૈયાર કરવું તેની ટેકનિકલી જાણકારી કોર્ટ પાસે નથી જયારે કેટલા ગામડામાં ઈન્ટરનેટ પકડાય છે કે નહિ? તે પ્રશ્ન છે. ઉંમરલાયક જુના વકિલોને સ્માર્ટ ફોન વાપરતા પણ નથી ફાવતો ત્યાં ઓનલાઈન કામકાજ કેવી રીતે કરશે?

૮૦ ટકા મામલામાં સરકાર એક પક્ષકાર તરીકે હોય છે . ન્યાયપાલીકા વખતોવખત અધિકારીઓ ઉપર કડક પગલા ભરવાની વાત કરે છે પરંતુ તેમના પેટનું પાણી હલતુ નથી. ટેકનિકલ ખામી, સ્ટાફનો અભાવ, પોલીસ બંદોબસ્ત, વી.આઈ.પી. બંદોબસ્તના બહાના કાઢી અધિકારીઓ કોર્ટથી બચતા આવેલ છે. અદાલતોમાં અધિકારીઓ દ્વારા ખોટા સપથ લઈ જુબાની આપતા હોય છે અને કોર્ટ કેસમાં ફરી જાય છે હોસ્ટાઈન થાય છે તેની સામે પણ અદાલત આંખ આડા કાન કરે છે. આવા અધિકારીઓ વિરૂધ્ધ માત્ર ખાતાકિય તપાસ કરી પીલ્લુ વાળી દેવામાં આવે છે અને વર્ષો કાઢી નાંખવામા આવે છે.

વખતોવખત દેશના પ્રધાનમંત્રીએ ન્યાઈક વ્યવસ્થામાં સુધારો કરવા ચીંતા પ્રગટ કરતા આવ્યા છે પરંતુ કાયદા શાખા દ્વારા અદાલતોની કામગીરીનું મૂલ્યાંકન થતુ જ નથી. ન્યાયપાલીકા અને રાજપાલીકા વચ્ચે સુમેળનો અભાવ સ્પષ્ટ જોવા મળે છે. ન્યાયપાલીકા કડક થાય તો તે તેના ક્ષેત્રાધિકારની બહાર જઈ રહી હોવાની બુમો રાજકારણ પાડે છે કોર્ટ માત્ર સરકારને તેના કર્તવ્યનું પાલન કરવાનું કહી હાથ ખંખેરે છે. બહેરી સરકાર એક કાને સાંભળી બીજા કાને કાઢી નાંખે છે અને ફીર વહી રફતાર ચાલે છે. જેનો ભોગ આમ જનતા બને છે હંમેશા ન્યાયપાલીકાની આલોચના સરકાર કરતી રહે

અનુસંધાન પાના નં ૭ પર

તેજસ્વી માનવીને દુઃખ તો પોતાની શક્તિની મર્યાદાનું હોય છે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

વિજ્ઞાન એટલે જીવન વિશેના કૌતુકની એક લાગણી.
ધર્મ એટલે જીવન વિશેના આદરની લાગણી.
સાહિત્ય એટલે જીવનની ભવ્યતા અંગેની લાગણી.
- લિન ચુટાંગ

આપણે બધા જીવનના એક તબક્કે થાકી જઈને કંટાળીને બેસી પડ્યા હોઈએ એવું બન્યું જ હશે ! આપણે દરરોજ એકધારું જીવન જીવી નથી શકતા અને આપણને સતત આવતા બદલાવ પણ નથી જ ગમતા ! બધું જ મેળવવા છતાં કયાંક ખાલીપો વર્તાતો હોય તેમ પણ બને છે. પણ આ તમામ લાગણીઓ અને ભાવનાઓને નિયંત્રિત કરી શકાય છે; આપણા-રસ-રુચિ અને શોખથી. મનગમતી પ્રવૃત્તિ કરવાનો થાક કે કંટાળો નથી લાગતો. આજકાલ સમગ્ર વિશ્વમાં 'કોરોના' નામની મહામારીએ જે આતંક મચાવ્યો છે તેના કારણે સમગ્ર વિશ્વમાં આર્થિક મંદી, હતાશા, સંબંધોમાં તનાવ, લગ્નજીવનમાં ભંગાણ જેવા અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે. આપણા દેશમાં આ સમય દરમિયાન ઘરેલું હિંસાના બનાવો પણ વધ્યા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ તમામ પરિબળો સૂચવે છે કે આપણે બધા માનસિક રીતે ઘવાયેલા, થાકેલા અને કંટાળી ગયેલા છીએ. નાનુભાઈ દવે જે વ્યક્તિની વાત કરી છે એને મળવાની આપણને પણ ઈચ્છા થઈ જાય તેમ છે :

એને ઘસઘસાટ ઊંઘ આવે છે. એ સૂવા લાગ્યો કે ઊંઘતાં એને વાર નથી લાગતી; ઊંઘી રહ્યો કે ઊઠતાં વાર નહીં.

ભોજનમાં એને સ્વાદ આવે છે. એ પાણી પીએ ત્યારે જાણે ગંગા પીએ છે. ખાધું-પીધું એને બરાબર હજમ થાય છે.

એને કામ કરવાનો ઉંમગ રહે છે. પોતાનું કામ કરતાં કરતાં એ બીજાનું યે કામ કહેતાંવેંત કરી દે છે, તેમાંથી હરખ પણ મેળવે છે.

એ ચાલે છે ત્યરે જાણે અધ્ધર ઊડતો ચાલે છે; દાદરમાં બબ્બે પગથિયાં સામટાં ચઢે-ઊતરે છે. વગડામાં ફરવા નીકળે ત્યારે વાટમાં પહેલાં પાણા ઊંચકી ઊંચકીને દૂર ફેંકે છે. એ ટેકરી જુએ છે - ને દોટ મૂકીને ચઢી જાય છે, ઝાડ દીઠું કે કોઈ ઊંચી ડાળે જઈને બેસે છે, નદી દેખીને ઝંપલાવે છે. એનું લોહી એવા ઉછાળા મારે છે.

કયારેક ઉજાગરો થયો, તો તેની ખોટ પણ એક જ ઊંઘે પૂરી થઈ જાય છે. કયારેક લાંબી મજલ કાપવાની થઈ, તો થોડી વિશ્રાંતિએ એ પાછી તાજગી મેળવે છે. એની આંખો પ્રકાશ ઝીલે છે - ને આપે પણ છે. એના મજબૂત દાંત કશુંક ચાવવા - કચડવા તત્પર હોય છે. મુશ્કેલ કામ પહેલું હાથ ધરવાનો ઉમંગ એને રહે છે; પછી એ અશક્ય લાગે તેને પહોંચી વળવા એ મથે છે. મુશ્કેલીઓનો સામનો કરતાં એ થાકતો નથી. એને નિષ્ફળતાનો ભય નથી, હાંસીનો ડર નથી. એ ક્રોધ નથી કરતો, ફરિયાદો નથી કરતો, વગોણાં નથી કરતો. બીજાંની કદર કરવી એને ગમે છે.

એને તમે મળ્યા છો કોઈ વાર?

- નાનુભાઈ દવે

આજના આ સમયમાં આપણે સૌ આવી વ્યક્તિની તલાશમાં છીએ. ખરેખર તો આપણે પોતે જ આવા બનવું છે, બનવું જોઈએ જ. તો જ નિરાશા અને નકારાત્મક દૃષ્ટિકોણનો ભોગ બનેલા સમાજને ખુશ અને સંતુષ્ટ બનાવી શકાશે. આપણે એ દિશામાં પ્રયત્ન કરવા એક દિવસથી એ પ્રકારના બનાવાનો પ્રયાસ શરૂ કરીએ. ફાધર વાલેસ કહે છે :

કોઈ વિશિષ્ઠ કૃત્યની જરૂર નથી, કોઈ સોનાની ઈંટની જરૂર નથી; હોય તો સારું છે, પણ એ ન હોય તો ય દિવસને મંગળ કહીશું. દરેક કાર્ય હોવું જોઈએ તેવું હોય, એટલું જ જરૂરી છે. ખાવાનું તો ખાવાનું અને વાંચવાનું તો વાંચવાનું. વાતચીત તો વાતચીત અને પ્રાર્થના તો પ્રાર્થના. દરેક પોતાના સમયે થાય, પોતાની રીતે થાય, આનંદથી થાય. દરેકમાં ધ્યાન અને દરેકથી. સંતોષ. એ રીતે સારો દિવસ થાય. એ રીતે સારું જીવન જિવાય. આજનો દિવસ એવો જીવીએ !

- ફાધર વાલેસ

Last Seen :

તેજસ્વી માનવીને દુઃખ તો પોતાની શક્તિની મર્યાદાનું હોય છે;

લોકો પોતાની શક્તિની કદર નથી કરતા, એ વાતનો રંજ તેને નથી થતો.

કન્ફ્યૂશિયસ્

- nehalgadhavi101@gmail.com

રાજસ્થાન હાઈકોર્ટ સંકુલમાં મનુની પ્રતિમાનો વિવાદ ફરી ફૂંગર્યો

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

અમેરિકામાં આજકાલ પ્રતિમાઓ તોડો અભિયાન ચાલી રહ્યું છે ત્યારે એના પ્રત્યાઘાત ગુજરાતના નવસર્જન ટ્રસ્ટના અગ્રણી માર્ટિન મેકવાનના નેતૃત્વમાં રાજસ્થાન લગી પડી રહ્યા છે. રાજસ્થાન હાઈકોર્ટના પ્રાંગણમાં ૧૯૮૯થી સ્થાપિત ''ભગવાન મનુ''ની પ્રતિમાને દૂર કરવા રાજયમાં કોંગ્રેસ સરકાર હોવાથી તેમણે કોંગ્રેસનાં અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખ્યો છે.

ભારતીય બંધારણ અને દલિતોના અપમાન સમાન ગણાવાતી આ પ્રતિમાને દૂર કરવાનો આગ્રહ કરાયો છે.આ પ્રતિમાને હાઈકોર્ટના સંકુલમાંથી દૂર નહીં કરાય તો આધુનિક મનુ એટલેકે ડૉ.બાબાસાહેબ આંબેડકરના સમર્થક હોવાનો દાવો કરનારાઓએ ૧૫ ઓગસ્ટ એટલેકે સ્વાતંત્ર્ય દિનથી આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે. મામલો ખૂબ સંવેદનશીલ છે. સંયોગ તો જુઓ કે ક્યારે કોંગ્રેસના શિવ ચરણ માથુર મુખ્યમંત્રી હતા ત્યારે જ ભગવાન મનુની આ પ્રતિમા રાજસ્થાન હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ મિલાપચંદ જૈનની પરવાનગીથી સ્થાપિત કરાઈ હતી. વિરોધ થતાં મુખ્ય ન્યાયમૂર્તિ એના ઉદઘાટન માટે આવ્યા નહોતા. બંધારણને સર્વોપરિ માનનારા ભારતીય લોકતંત્રમાં મનુના કાનૂનનો વિરોધ થતાં રાજસ્થાનની હાઈકોર્ટે ૨૮ જુલાઈ ૧૯૮૯માં પ્રતિમાને દૂર કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો હતો, પણ વિશ્વ હિંદુ પરિષદના આચાર્ય ધર્મેન્દ્રના વિરોધ અને અદાલતી ખટલાને કારણે હજુ કોઈ પગલાં ભરાયાં નથી. કાંશીરામ અને રામદાસ આઠવલે જેવા નેતાઓ પણ જયપુર આવીને વિરોધ કરતા રહ્યા છે. અનેકવાર આ સંદર્ભમાં પ્રયાસો થયા છે પરંતુ સંઘ પરિવાર અને ખાસ કરીને વિશ્વ હિંદુ પરિષદના વિરોધને કારણે મનુની પ્રતિમાને હજુ દૂર કરી શકાઈ નથી.

સ્વતંત્ર અને પ્રજાસત્તાક ભારતની રાષ્ટ્રભાષા સંસ્કૃત હોવી જોઈએ અને એનો રાષ્ટ્રધ્વજ ભગવો હોવો જોઈએ, એ બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેકડરનો આગ્રહ હતો. ભારતીય માનવધર્મશાસ્ત્રના પ્રાચીન ઘડવૈયા મનુથી અર્વાચીન માનવધર્મશાસ્ત્ર એવા ભારતીય બંધારણના ઘડવૈયા મનાતા ડૉ.આંબેડકરને આધુનિક મનુ ગણાવતાં એમના પ્રીતિપાત્ર ચરિત્રકાર ધનંજય કીર જીવનકથા લખે છે. હજારો વર્ષ જૂના ભારતીય સમાજમાં આમૂલ પરિવર્તન લાવનારા આ બંધારણને ઘડવા અને અમલમાં લાવવા માટે અસ્પૃશ્ય લેખાતા રહેલા સમાજના તરછોડાયેલા છતાં પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કરનાર ડૉ.આંબેડકર સાથે ખભેખભો મિલાવીને બ્રાહ્મણ સહિતની અનેક મહાન વિભૂતિઓ જોડાઈ હતી. મનુથી આધુનિક મનુ સુધીની યાત્રા ખૂબ જ રોમાંચકારી હોવા છતાં ઈતિહાસના આ ઘટનાક્રમને સાવ જ ભૂંસી નાખવા મનુવાદવિરોધી આંદોલનો મનુ અને મનુસ્મૃતિ વિશે હજુ આંદોલન અને જંગ ચાલે છે.

- **આધુનિક મનુના સમર્થકો હોવાના દાવેદારોની ૧૫ ઓગસ્ટથી આંદોલન કરવાની ચીમકી**
- **સંઘ પરિવાર અને ખાસ કરીને વિહિપના વિરોધને કારણે આ પ્રતિમાને હજુ દૂર કરી શકાઈ નથી**
- **ટાગોર-રાધાકૃષ્ણનના મતે, હજારો વર્ષ પૂર્વે મનુસ્મૃતિના રચયિતા ''આદિ કાનૂનપ્રદાતા (લો-ગિવર)''**
- **મનાલીમાં પ્રાચીન મંદિર છે અને ત્યાં આજે પણ મનુનું ઋષિ, દેવતા અને આદિપુરુષ તરીકે પૂજન**

રાજસ્થાનની વડી અદાલતના જયપુરસ્થિત સંકુલમાં, વડી અદાલતની પૂર્વ મંજૂરી સાથે, ૩ માર્ચ ૧૯૮૯ના રોજ રાજસ્થાન ન્યાયિક અધિકારી સંઘે, લાયન્સ ક્લબના સહયોગથી, વિશ્વમાં પ્રથમ કાનૂનસંહિતાના રચયિતા ગણાતા મનુસ્મૃતિકાર મનુની પ્રતિમા સ્થાપિત કરી. ''ભારતીય મહિલા વિશ્વકોશ''નાં રચયિતા ડૉ. ટીના દોશીએ મનુને ''માનવજાતિના જનક તરીકે સ્મૃતિકારોમાં સૌથી વધુ લોકપ્રિય'' અને ''પ્રાચીન ઈતિહાસમાં પ્રથમ સમાજ વ્યવસ્થાપક'' ગણાવી નોંધ્યું છે : ''સંસારની ઉત્પત્તિ, સોળ સંસ્કાર, શ્રાદ્ધવિધિ, ગૃહસ્થના નિયમ, સ્ત્રીધર્મ, ચાર આશ્રમ, રાજધર્મ, સાક્ષીઓનો પ્રકાર, ધનસંપત્તિનું વિભાજન, પ્રાયશ્ચિત, દેશધર્મ અને જાતિ ધર્મ... મનુસ્મૃતિ એક એવો કોશ છે જેમાં દરેક સમસ્યાનું નિદાન છે.'' બે હજાર વર્ષ પૂર્વે રચાયેલા મનુસ્મૃતિ ગ્રંથમાં શુદ્રો અને સ્ત્રીઓને અન્યાયકારી વિવેચના થયાની વાતે આંધળેબહેરું ફૂટાયે જાય છે. પુત્રીને પુત્ર સમાન દરજ્જો આપનાર અને પત્ની સહિતની સ્ત્રીઓ સાથે દુર્વ્યવહારનો નિષેધ કરનાર મનુસ્મૃતિનું ૨૫ ડિસેમ્બર ૧૯૨૭ની રાતે નવ વાગ્યે ડૉ. બાબાસાહેબે જાહેરમાં દહન કર્યું ત્યારથી મનુસ્મૃતિ ગ્રંથ અને ગ્રંથકારને ખલનાયકત્વ પ્રાપ્ત થયું. કમનસીબે એટલે જ પેલી મનુની પ્રતિમાને જયપુરસ્થિત વડી અદાલત સંકુલમાંથી હટાવવા મનુવાદ વિરોધી અભિયાન ચલાવાતું રહ્યું છે. આધુનિક ભારતના બંધારણ અને કાનૂન વ્યવસ્થામાં મનુસ્મૃતિનાં અનિષ્ટ તત્વોને સામેલ કરાયાં નથી. માબાપને આધારે નહીં પરંતુ વ્યવસાયને આધારે અને યોગ્યતાને આધારે ચાતુર્વર્ણ વ્યવસ્થાને સ્વીકારનાર મનુસ્મૃતિ અને મનુનો આજે વિરોધ થઈ રહ્યો છે.

મનુ અને મનુસ્મૃતિનું પ્રાચીન ઐતિહાસિક મૂલ્ય પણ નહીં સ્વીકારનાર, ધર્મને અફીણ ગણાવનારા, લાલભાઈઓનો ભગવાભાઈઓના સત્તારોહણ સામેનો સંઘર્ષ જયપુરની મનુપ્રતિમા હટાવો અભિયાનમાં વધુ ઝળકે છે. વિરોધ રજૂઆતને પગલે રાજસ્થાન વડી અદાલતની ફુલ બેંચે જયારે મનુની પ્રતિમાને હટાવવાનો નિર્દેશ આપ્યો ત્યારે વિશ્વ હિંદુ પરિષદના આચાર્ય ધર્મેન્દ્ર થકી એને પડકારાયો હતો. ૧૯૮૯માં મનુની પ્રતિમા સ્થાપિત થઈ અને એને ૨૦૧૬માં ''કેમ ના હટાવવી?'' એ સંદર્ભમાં વડી અદાલત કેન્દ્ર અને રાજ્ય સરકારને નોટિસ ઈશ્યૂ કરે ત્યારે સઘળો મામલો ન્યાયપ્રવિષ્ઠ (સબજ્યુડિસ) છે. આમ છતાં આંદોલનકારોને તો મનુની ભાંડણલીલા કરતા રોકવાનું શક્ય નથી. મનુની પ્રતિમાના સમર્થકોનું કહેવું છે કે પ્રશ્ન માત્ર મનુ એકલાનો નથી, સમગ્ર પ્રાચીન ભારતીય સંસ્કૃતિને નકારવા અને હીણી ચીતરવાનો છે. એક બાજુ ઈસ્લામિક રાષ્ટ્ર પાકિસ્તાન સંસ્કૃત વ્યાકરણના રચયિતા પાણિનિની અઢી હજારમી જન્મજયંતી મનાવે છે અને બીજી બાજુ, ૭૯ ટકા હિંદુ વસ્તી ધરાવતા ધર્મનિરપેક્